# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

આશીર્વાદ

પ.પૂ. પુરાણી કેશવચરણદાસજી



॥ જય સ્વામિનારાયણ ॥



પુરુષાર્થ

પ.પૂ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી



**પ્રોજેક્ટ : પ્રારંભ ૨૦૦૨** **લાભાર્થી : ૩૫૦૦૦ ઉપરાંત આદિવાસીઓ**












શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ- યુ.એસ.એ. દ્વારા સંતોના માર્ગદર્શન દ્વારા ચાલી રહેલા સેવા યજ્ઞમાં લોક સેવાનાં આરોગ્યને ધ્યાનમાં લઈ વિવિધ રક્તદાન કેમ્પ, મેડીકલ ચેકઅપ કેમ્પ તથા જરૂરિયાતમંદને અન્ય સામગ્રી આપી લોક હિતમાં અનેક કાર્ય હાથ ધરાઈ રહ્યા છે અને અંતરિયાળ વિસ્તારમાં અનેક ગરીબ લોકોને મદદરૂપ થઈ રહ્યા છે.

# સેવાકીય પ્રવૃતિઓ



## ધાબળા વિતરણ

બીજો એ બીજો નથી પણ મારો દૈવી ભાઈ છે અને પરોપકાર સૌથી મોટો ધર્મ છે એ ન્યાયને સંતોથી વધુ બીજું કોણ સમજી શકે, શિયાળાની ઋતુ આવે અને સંતો સમાજના દાનવીરોને ટહેલ નાખી અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોને ગરમ ધાબળા વિતરણ કરે. ગરીબી એ કોઈ શ્રાપ નથી પરંતુ એક પરીક્ષા ચોક્કસ છે. આવી કપરી સ્થિતિમાં માણસ જ બીજા માણસને કામ આવી શકે. ધાબળા વિતરણની પ્રવૃત્તિ તેનું ઉદાહરણ છે.

## રોગ નિદાન કેમ્પ






આરોગ્યની બાબત ને આપણે અળગી ન રાખી શકીએ, પૃથ્વી ઉપર માણસે નવી શોધ અને ભૌતિકવાદી જીવન જીવવાની લાહ્યમાં કુદરત સાથે ચેડા કરતા તે અનેક આધી વ્યાધીનો અસરગ્રસ્ત બની રહ્યો છે. તેની અસર સર્વ વ્યાપી થતા નવા-નવા રોગો બહાર આવી રહયા છે. આવા રોગોનું નિદાન કરી તેનો સાચો ઈલાજ કરાવવો ઘણીવાર મોટા ખર્ચાને આમંત્રણ આપે છે. ગરીબ સામાન્ય પરિવાર માટે આવા રોગોનું નિદાન કરાવવા માટે આર્થિક સંકડામણના સામનાની બાબત બની રહેતી હોય ત્યારે સંસ્થા દ્વારા આદિવાસી વિસ્તારમાં મફત સર્વરોગ નિદાન કેમ્પોનું સમયાંતરે સેવાભાવી તબીબોના સહકારથી, ફાર્મસી કોલેજના સ્ટાફ તથા વિદ્યાર્થીની મદદથી આયોજન થતું આવ્યું છે. આવા શિબિરો થકી લાભાર્થી પરિવારોને આરોગ્ય લક્ષી મોટા ખર્ચા માંથી ઉગારી તેમને સ્વસ્થ જીવન આપવાનો સંકલ્પ સતત આગળ વધી રહયો છે.આવા કેમ્પોમાં ફ્રી સારવાર અને ફ્રી દવાનું વિતરણ કરવામાં આવે છે.

## કપડા વિતરણ



હિંદુ શાસ્ત્રમાં વસ્ત્રદાનનું મહત્વ સમજાવાયેલું છે. ગ્રામ્ય વિસ્તારમાં વસતા ગરીબ લોકોને અને તેમના બાળકોને કપડાનું વિતરણ પણ કરવામાં આવે છે. આપણા ધ્યાન ઉપર આવ્યું હશે કે કપરાડા, ધરમપુર જેવા આર્થિક રીતે પછાત ગણાતા તાલુકામાં આવા વસ્ત્ર દાનનો પ્રકલ્પ ચાલી રહ્યો છે.

## વિધવા સહાય



સંસ્થા દ્વારા વિધવા બહેનોને અન્ન( હાલ ૫૦ બહેનોને દર મહીને મફત અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે ) , વસ્ત્ર અને જીવન જરૂરી સાધન સહાય આપી આર્થિક રીતે પણ બનતી સહાય થકી તેને મદદરૂપ બનવાનો પ્રયત્ન થઈ રહયો છે. પતિ મૃત્યુ પામ્યા પછી અશિક્ષિત ગરીબ બહેનોનું જીવન કઠીન બની જતું હોય છે. પોતાનો તથા પોતાના નાના સંતાનોનો ઉછેર કેમ કરવો એ મોટો પ્રશ્ન તેની સામે ઉભો હોય ત્યારે સ્વામિનારાયણ સંસ્થા તેની બેલી બની અને તે આવી પડેલી મુશ્કેલીમાંથી બહાર આવી પગભર બને તેની કાળજી લેવાય છે.